## પ્રકરણ : ૬

# વ્યવસાયિક ગુજરાતી નવલકથાકારોની અખબારી નવલકથાઓ

# પ્રકરણ : ૬
# વ્યવસાયિક ગુજરાતી નવલકથાકારોની
# અખબારી નવલકથાઓ

**ભૂમિકા :-**

ગુજરાતી અખબારી નવલકથા નિમિત્તે આ પ્રકરણમાં વ્યવસાયિક અખબારી નવલકથાકારોની કોઈપણ એક નવલકથાને સમીક્ષાત્મક સંશોધન દ્વારા તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

ધારાવાહી નવલકથાઓના શોખીન વાચકો તો અનેક પ્રકારનાં રહસ્યોવાળી દુનિયાની અપેક્ષા રાખીને બેઠો હોય છે અને આવી નવલકથાઓમાં અકસ્માતો બનવા જ જોઈએ અને એ રીતે તે લોકપ્રિય નિવડવી જોઈએ. કેમ કે ભાવકની અપેક્ષા સંતોષવી એ આવી નવલકથાઓનું જમા પાસું છે. આ નવલકથાઓ કેટલીકવાર વાચકને સ્તબ્ધ કરવા માટે વિચિત્ર કે જાણીતા સ્થળમાં અમાનુષી ઘટનાઓનું નિર્માણ કરે છે. આથી નવલકથાઓમાં નાયક પાસે ઉત્તેજક કાર્યો કરાવતો હોય છે અને બહુધા ઘટના સાથે માનવચરિત્રને સાંકળવાનું છે. કારણ કે તે મોટાભાગે ધારાવાહી નવલોમાં રોમાંસનો ઢાંચા ઈચ્છતો હોય છે. લેખક આ રીતે અસામાન્ય વાતાવરણ સર્જે છે. ઘટનાઓના રહસ્યમય અંકો એક પછી એક રજૂ કરતા રહે છે. આ રીતે ધારાવાહી નવલકથાઓના ઉપરોક્ત લેખકો તો શિષ્ટ-પ્રશિષ્ટ તરીકે તો કોઈ પત્રકાર તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યા છે. હવે આ ધારાના અન્ય સર્જકો જે અખબારી નવલકથાના લેખન તરફ એક વ્યવસાય તરીકે જોડાયા હોય એવા સર્જકોની નવલકથાઓનું પણ અહીં દર્શન કરીએ. આ સર્જકોને તો વ્યવસાય સાથે પોતાની કલમ જીવંત રાખવાની છે. અને જમાને જમાને લોકરૂચિ બદલાય છે. એનું પણ ધ્યાન રાખવાનું હોય છે. આ સર્જકોએ તો પોતાના કથાના કે સાહિત્યના જ્ઞાન સિવાય પણ વિજ્ઞાન, ગણિત, ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ અને સમાજનું ખૂબ જ જ્ઞાન રાખવું પડતું હોય છે. અને તો જ તેઓ ધારાવાહી નવલકથામાં દરેક ભાવક લાગતાં બધી જ પ્રકારનાં રસસ્થાનો ખીલવી શકે અને કથાને રોમાંચકારી તથા ભાવક યોગ્ય ને લોકપ્રિય બનાવી શકે. ધારાવાહી નવલકથા આવી સનસનાટીખેજ ઘટનાઓથી પણ રહસ્ય ગૂંથતી હોય તો ભાવકને આનંદ આપે છે. આ ક્ષેત્ર એવું છે કે ભાવકને ગમે તે પ્રકારનાં કથા - ઘટકો તેને વર્ણવવા જ પડે. આ બધું તો ખરૂં જ સાથે સાથે સર્જકે સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું

પણ એટલું જ ધ્યાન રાખવું પડતું હોય છે. કથા ગમે તેટલી રહસ્યવાળી હોય, એનું કથાવસ્તુ ભલે ઘટનાઓથી ભરપૂર હોય તો પણ એણે રચેલા પાત્રો અને પ્રસંગો સમાજને નુકસાન કરતાં ન હોવાં જોઈએ. ધારાવાહી નવલકથાનો સર્જક બને ત્યાં સુધી વાસ્તવભૂમિનાં પાત્રો આલેખવાનો પ્રયાસ કરશે એ જ એની સફળતા છે. સાહિત્ય ક્ષેત્ર જ એવું છે કે એમાં જેમ ઊંડા ઉતરીએ તેમ તળિયાની રસળતા આપણને મંત્રમુગ્ધ કરતી રહે. ઊર્મિકાવ્ય કે કવિતા અને નિબંધો જેવા સ્વરૂપોના સર્જકને વિષય પસંદગીની મોકળાશ છે અને પોતાની રીતે સર્જક તેમાં વિહરી શકે. પરંતુ કલ્પનો સાહિત્યના એટલે કે નાટક, નવલિકા, નવલકથાના સર્જક માટે વિષય પસંદગી ખૂબ જ મહત્ત્વની બની રહે છે. એમ પણ કહેવાય કે યોગ્ય વિષયની પસંદગીમાં જ તેને અડધા ઉપરની સફળતા મળી જતી હોય છે. એની સફળતા અહીં અભ્યાસ વિષયના સૌ નવલકારોએ હાંસલ કરી છે. સિદ્ધહસ્ત સ્વરૂપને સહેલાઈથી અભિવ્યક્તિ આપી છે. તે જોઈ શકાશે. સામાન્ય રીતે જોઈએ તો આ સર્જકોની એકાત્રિક નવલકથાઓનો અને અહીં ઉલ્લેખાયેલી નવલકથાઓનો વિષય છે લેખકે જોયેલો, જાણેલો, અભ્યાસેલો માનવસમાજ એ પરિવેશ એ વાતાવરણ અને ઈતિહાસ આ બધાનું એમણે શું કર્યું છે કે કેવી રીતે કહ્યું છે તે આપણે જોયું. કથાને રસસ્થાનો પર ઘુંટવી અને સ્થૂળતામાં સરી ન પડે તે તરફ પણ ધ્યાન આપવું. આવી બેવડી ભૂમિકા અદા કરીને એમણે સફળતા મેળવી છે. પોતાને તથા કથા સ્વરૂપને અભિનેય ઘટક તત્વોને આધારે જે સ્થાન તેમણે આપ્યું છે તેમાં ખાસ કરીને પાત્રો અને સમાજ મહત્ત્વની કડી સમાન બની રહે છે અને એ જ એનાં કરતાં સૌંદર્યમાં વધારો કરે છે. હવે જે વાત કરીએ તે વ્યવસાયિક નવલકથા સર્જકોની અખબારી નવલકથા સંદર્ભે. પત્રકારત્વ એક રીતે જોઈએ તો તટસ્થ વ્યવસાય છે. અને આ ક્ષેત્રને મનથી વરેલા સર્જકો બાંધછોડ કરતા નથી. પોતાના વ્યવસાયના ભોગે તો એ નહીં જ અને તેમ છતાં આવા સર્જકોએ લોકોમાં જે લોકપ્રિયતા સિદ્ધ કરી છે તે તેમની સફળ કારકિર્દીનું સોપાન છે એવા દિગ્ગજો આપણને મળ્યા છે. ગુજરાતી સાહિત્યનું ગૌરવ ગણાય. 'બંગાલ ગેજેટ' પછી પત્રકારત્વએ અને અખબારોએ ઉત્તરોત્તર પ્રગતિ કરી અને વાચકવર્ગ મેળવ્યો તેની પાછળ સૌંદર્યની કે કળાની ભાવના કયાંક ને કયાંક જવાબદાર છે. તેથી જ આવા સર્જકોને હાથે લખાયેલી નવલકથાઓ જે સ્થાનમાં કેન્દ્રીત થાય છે તે સ્થળ અને તેની વિગતો તેમાં ચિત્રાંકિત થાય છે. અને જે તે સ્થળ - પ્રદેશ વિષેની સાંસ્કૃતિક આબોહવા બની જાય છે. કોઈપણ સ્થળના ચિત્રો જેમ કે પર આવતો માણસ, ગૃહિણી, ઉદ્યોગપતિ, દરિયાનું પાણી, અંધારી રાત, આંચકો આપતી બનતી કોઈ ઘટના વગેરે આ સર્જકો સુરેખતાથી આંકે છે. કારણ કે

આ બધા સાથે આ સર્જકોનાં પરિભ્રમણ વખતે પ્રત્યક્ષ અનુભૂતિ થયેલી છે. એમાં આ બધા સર્જકો એમની નાની નાની સ્વાભાવિક ક્રિયાઓ વિગતોને એવી વાસ્તવિક - આબેહૂબ અને જીવંત બનાવે છે કે સમગ્ર પરિવેશ તેમાંથી સહજ સ્વરૂપે આવિષ્કૃત થાય છે. પ્રદેશ - સ્થળ - પાત્ર વગેરે પરિવેશની નિરૂપણ રીતિમાં આ બધા સર્જકને જાણે ફિલ્મ નિર્માતા હોય એ રીતે આલેખી બતાવે છે. કોઈપણ સ્થળ હોય તેના પર તેઓ ઝડપથી નજર ફેરવી લે છે. અને પછી તેમાંના કેટલાંક સ્થાનોને જ તે પસંદ કરે છે. ત્યારબાદ તેનું પોતાની રીતે વિગતે વર્ણન કરે છે અને આ સર્જકોએ એમની અહીં પ્રસ્તુત નવલકથાઓમાં જે કંઈ બતાવ્યું છે સ્થળ સંદર્ભે કે પાત્ર સંદર્ભે તે સિવાયનું જોવાની ઈચ્છા કે જરૂર પણ રહેતી નથી. એવી એમની અભિવ્યક્તિની હથોટી છે. કથામાં આ સંદર્ભે થતાં વર્ણનોનાં આવા સમુચિત વિનિયોગથી સહજતાનો ય અનુભવ થાય છે અને સાથોસાથ તેમની સર્જક પ્રતિભાનો એક આગવો ઉન્મેષ પણ જોઈ શકાય છે.

કોઈપણ નવલકથા હોય એમાં પરિવેશ એક અગત્યનું ઘટક તત્વ છે અને પરિવેશનું પૃથક ઘટક તત્વ છે સમાજ. કોઈપણ માણસ સામાજિક પરિવેશથી અલિપ્ત નથી. તેમ કોઈપણ સર્જક પણ સમાજનું જ અભિન્ન અંગ છે. આ સમાજ જ્ઞાતિ, ધર્મ, વર્ગ, સ્થળ અને વ્યવસાય આદિમાં સામૂહિક રીતે સંકળાયેલી વ્યક્તિઓનો બનેલો છે. વિશ્વનો કોઈપણ સર્જક વ્યક્તિ છે એટલે કે એ પણ સમાજનો એક અંશ છે. એથી જ કોઈપણ સર્જકનાં સર્જનમાં યેનકેન પ્રકારે સમાજ આવવાનો જ. સમાજ વિનાના સાહિત્યની કલ્પના જ ના થઈ શકે. એ જ રીતે ધારાવાહી નવલકથાઓમાં પણ એની ભૂમિકાએ અગત્યનું કામ પાર પાડયું છે. કારણ કે આ પ્રકારની નવલકથાએ તો સમાજને પણ ધ્યાનમાં રાખવો જ પડે છે. અખબારી સિવાયની કળાકીય નવલકથાઓ કદાચ કોઈ બાંધછોડ આ સંદર્ભે કરે પણ અહીં તો સર્જકે ભાવક દ્વારા જ જીવવાનું છે. એટલે એણે તો વ્યક્તિ વિના ચાલવાનું નથી. અને એવી ઘટનાઓ કે પ્રસંગો કે પાત્રો સર્જવાનાં છે જેમાં વ્યક્તિને રસ પડે અને સુંદરતાનાં દર્શન થાય.

કોઈપણ સાહિત્યકારની સૌથી પહેલી અને મોટી ફરજ તો એ છે સત્યોને - વાસ્તવને યથાતથ રજૂ કરવાની અને આ માટે તેને જે તે સમાજજીવન અને એ સમાજમાં જીવતાં મનુષ્યોનાં સ્વભાવનું ઊંડામાં ઊંડું જ્ઞાન હોવું જોઈએ. દરેક સાહિત્ય પ્રકારનો મુખ્ય વિષય જ જીવન છે માનવજીવન. આમ છતાં, માનવજીવન ધારીએ કે માનીએ છીએ એટલું સરળ કે સહેલું નથી. એ અતિસંકુચિત છે. એથી એની સમીક્ષા કરવા માટે બૃહદ ફલકવાળું સાહિત્ય સ્વરૂપ જોઈએ એ દષ્ટિએ નવલકથા

એ જીવન - સમાજ સમીક્ષા માટેનું સબળ અને ઉત્તમ સાહિત્ય સ્વરૂપ છે. કેમ કે નવલકથાનો મુખ્ય વિષય જ જીવન હોય છે. અને આથી જ નવલકથામાં જીવનનું પુનઃ નિર્માણ થાય છે એવું કહેવાય છે. ટૂંકમાં નવલકથાને માનવ જીવન સાથે અતૂટ સંબંધ છે એટલું ચોક્કસ કહી શકાય અને તેથી જ માનવ અને માનવજાતનું વિશ્લેષણ નવલકથાના કેન્દ્રમાં છે. તેમાં વાસ્તવિક માનવ જીવનનું અને જીવનના સમ, વિષમ, સદ્અસદ, તેજ, તિમિર આદિનું નિરૂપણ થતું હોય છે. નવલકથાનો કોઈપણ પ્રકાર હોય પણ અહીં ધારાવાહીક નવલકથાઓ કેવું કાર્ય બજાવી ગઈ અને પ્રસિદ્ધિ પામી તેનો વિચાર વિમર્શ છે. આ ધારામાં આ સ્વરૂપનાં લગભગ બધા જ પ્રકારોએ સારી એવી નામના મેળવી છે. એ સંદર્ભે સર્જકો અને એમની નવલકથાઓ તપાસીએ.

### ૬.૧ પ્રિયકાંત પરીખ - 'અંધાર ખુશ્બો ભર્યો' (૨૦૦૫)

અખબારી નવલકથામાં પ્રિયકાંતનું નામ સૌથી મોખરે મૂકી શકાય તેટલું માતબર પ્રદાન તેમના તરફથી થયું છે. લેખક કહે છે - ''મારી નવલકથા યાત્રા સુખદ રહી છે. મને સંતોષ એ વાતનો છે કે, ધારાવાહી નવલકથાને કેટલાક સુગવાળા વિવેચકો વગર વાંચે, બિનકલાત્મક માની ઉપેક્ષાયુક્ત સ્વરૂપ માને છે.'' [૧] ધારાવાહી નવલકથાનું એક મહત્ત્વનું અંગ છે, એનો સ્વીકાર કર્યા બાદ નવલકથાને સંપૂર્ણ રીતે સમજી શકાય નહીં.

પ્રિયકાંત પરીખ અઠંગ ધારાવાહિક નવલકથાકાર હતા. તેમની બધી જ નવલકથાઓ ધારાવાહિક સ્વરૂપે રજૂ થઈ હતી. જેમાં ઉલ્લેખનીય નવલ તરીકે 'ધુમ્મસ છાંયો પંથ', 'કોઈનું મીંઢળ કોઈના હાથે', 'દરિયા ડૂબ્યા સાત', 'પ્યાસી ધરતી પ્યાસું ગગન', 'રંગ દે ચુનરિયા', 'વચ્ચે આડી રાત', 'એક ફુલગુલાબી સાંજે', 'રણને તરસ ઝરણાની', 'સ્વપ્ન - પ્રયાણ',સૂર્ય-ચંદ્રના પડછાયા', 'એક ટુકડો આસમાન' મહત્ત્વની છે. લોકપ્રિયતાની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલી તેમની હસ્તીએ ગુજરાતી નવલકથાનું કલેવર બદલી નાખ્યું હતું.

૨૦૦૧ માં 'ગુજરાત સમાચાર'માં ધારાવાહી સ્વરૂપે સબળ સશક્ત કથા અને શૈલીમાં પ્રગટેલી આ કથા લેખકની પણ પ્રિય કથા છે. આ નવલકથાનું કથા બીજ તેમને 'નવગુજરાત કોલેજ'માંથી મળ્યું હતું. પ્રત્યક્ષ અનુભવો કેટલા બધા ઉપયોગી હોય છે, એ આપણને આ લેખક પાસેથી સમજાય છે.

લેખકની વિદ્યાર્થિની સાથે થયેલો અણબનાવ - અમેરિકાથી આવેલો કોઈ છોકરો લગ્ન કરી એને ભોગવી પુત્રની ભેટ આપી ચાલ્યો ગયેલો. એની પ્રત્યક્ષ ઘટના પરથી લખી છે. અમેરિકા જવાના મોહમાં પૂરતી તપાસ કે પિછાણ વગર લગ્નના કૂવામાં ઝંપલાવી દેતી દીકરીઓ સામે લાલ બત્તી ધરવા આ કથા લખાઈ છે.

આજકાલ NRI છોકરા અને છોકરીની ઘણી બોલબાલા છે. વિદેશ જવાની ઘેલછામાં બેકગ્રાઉન્ડ જોયા વગર માતા - પિતા અને પાત્ર ઝંપલાવે છે.

'અંધાર ખુશબો ભર્યો'માં નર્મદા કિનારાના ચાંદોદ કરનારી ગામની બ્રાહ્મણ જ્ઞાતિની M.S.U.માં વડોદરામાં M.B.A. થયેલી તેજ, તેજસ્વી અને ભારતીય સંસ્કારથી ઘડાયેલુ વૈશાલીનું પાત્ર જણાય છે. વૈશાલી M.B.A. હોવાથી વડોદરામાં સર્વિસ કરે છે. વૈશાલીનું પાત્ર અહીં હોંશિયાર તેજસ્વી હોવા છતાં તે અહીં, NRIના ઝાંસામાં આવી જાય છે.

અમેરિકામાં રહેતી એની મિત્ર શેફાલી અમેરિકામાં સેટલ થયેલ એના પતિ વરૂણના મિત્ર અવસર સાથે વૈશાલીની મુલાકાત ગોઠવે છે. બંને એકબીજાને પસંદ કરે છે. વૈશાલી એક શરત મૂકે છે : "લગ્ન વડોદરામાં પણ હનીમુન શિકાગોમાં આવ્યા પછી."વૈશાલીને જાણ નથી કે તેનું શિકાગોમાં શું થશે ? તદ્દ્ન અજાણ્યા પ્રદેશમાં અજાણી છોકરીનું કોણ ?

લગ્ન પછી બંને એકબીજાને સમજવા માટે દિલ્હી - સિમલા ફરવા જાય છે. સિમલામાં ઝંઝાવાતી આઈસ ફોલમાં અવસર ચંચળ બને છે, વૈશાલી એને સમજાવી સંયમની પાળ તોડવા દેતી નથી. સ્ત્રીની સૂઝ, સમજ અને શક્તિનો પરિચય અહીં થાય છે. ધારાવાહિકની ધારા સ્ત્રી ચેતનામાં સમાઈ રહે છે. અવસર શિકાગો જાય છે, વૈશાલીની ફાઈલ મુકે છે વિઝા કોલ આવતાં વૈશાલી શિકાંગો એરપોર્ટ પર ઊતરે છે. વૈશાલીને રિસીવ કરવા આવતાં અવસરની કાર 'આઈસ ફોલ'માં 'સ્લીપ' થઈ જાય છે.

ધારાવાહિક અખબારી નવલકથા એટલી સહેલી નથી, એ વાત આ નવલકથા વાંચીને સાબિત થાય છે. અહીં કથા છે, પાત્ર છે, વર્ણન છે, સંવાદ છે, પ્રસંગો છે, સંઘર્ષ છે, મનોવિજ્ઞાન છે, છતાં આ બધું કલાત્મક રીતે રજૂ થયું છે. ચુનીલાલ નવલકથા વિશે કહે છે - "આટલી સહેલી છે નવલકથાની કલા અને છતાં સારી નવલકથા - આ રાજારાણીને અણમાનીતા કુંવરની કથા પણ કલાત્મક રીતે લખવી મુશ્કેલ છે એનું કારણ શું ? રશિયા પર નેપોલિયનના આક્રમણની કથા તો

આખી રશિયન પ્રજાની - અને બધા જ નવલકથાકારોની જાણમાં હતી અને છતાં એ સામગ્રીને આધારે જન્મ, મૃત્યુ અને પુર્નજન્મની ઘટનાય નિરૂપતી એક મહાગાથાની રચના સિવાય બીજા કોઈએ કેમ ન કરી?''(૨)

'અંધાર ખુશ્બુ ભર્યો' શીર્ષક જ અનોખું છે. ઈન્દ્રીય પ્રત્યય કલ્પનનો અનુભવ થાય છે. એમની નવલકથાઓ માત્ર શીર્ષકથી જ નહીં પણ કથા પ્રવાહથી અનોખી છે. પ્રિયકાન્ત પરીખની ચાર ધારાવાહી નવલકથાઓને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક મળ્યાં છે. (૧) 'પ્રવાહ' (૧૯૯૧) દ્વિતીય, (૨) 'કર્મ' (૧૯૯૨) પ્રથમ (૩) 'ખોજ' (૧૯૯૩) દ્વિતીય (૪) 'સ્વપ્ન પ્રયાણ' (૧૯૮૪) પ્રથમ. ધારાવાહી અખબારી નવલકથામાં સૌથી વધુ સફળતા આ લેખકને મળી તેમાં પરિબળો આ પ્રકારે છે.

(૧) પ્રણયકથાઓને સમાજકથા બનાવવાની આવડત

(૨) કથા નિરૂપણની પ્રયુક્તિઓ અને ટેકનીક

(૩) વર્ણન-સંવાદમાં રજૂ થતી વિગતોનું પ્રતીતિજનક માળખું.

(૪) શૈલી અને અભિવ્યકિતનું લોકપ્રિય સ્વરૂપ

આ ચાર લક્ષણોને કારણે તેમને લોકપ્રિયતા હાંસલ થઈ છે, તેઓ લખે છે કે - ''મારી ૫૧ જેટલી નવલકથાઓમાં ૪૫ જેટલી ધારાવાહી નવલકથાઓ દૈનિક પત્રો, સાપ્તાહિકો અને પખવાડિકોમાં પ્રગટ થઈ ચૂકી છે. 'ધારાવાહી નવલકથાઓના લોકપ્રિય લેખક' તરીકેનું લેબલીંગ મારા લલાટ પર જડી દેવાયું છે એનો મને અવર્ણનીય આનંદ છે.''(૩)

આમાંથી મોટાભાગની નવલકથાઓ 'ગુજરાત સમાચાર'ની દેશ - વિદેશની આવૃત્તિઓમાં પ્રગટ થતી હતી.

''અમેરિકા જવાના મોહમાં ત્યાંથી પરણવા આવેલા સીટીઝન યુવતીઓ સાથે લગ્ન કરાવી દીધા. ખૂબ જ સાદગીથી - ઝડપથી પરણીને હનીમૂન ઊજવીને ત્રણ વીકમાં એ અમેરિકા ચાલી ગયો. ત્યારની ઘડી અને આજનો દિવસ એ મુઆએ છોકરીને તેડાવી નહીં......''

આ ઘટનાથી આ નવલકથા એટલી લોકપ્રિય થઈ કે દેશમાં - વિદેશમાં એક ચેતવણી - જાગૃતિ અને સભાનતાનો માહોલ સર્જાઈ ગયો. એક નવલકથા પણ આવું સમાજ જાગૃતિનું કામ કરી શકે છે - એ અખબારી ધારાવાહી નવલકથાનું જમા પાસું છે.

ગુજરાતી સાહિત્યમાં પ્રિયકાંત પરીખ એવા સાહિત્યકાર છે જેમણે ધારાવાહી નવલકથાઓ દ્વારા વ્યવસાયિક ક્ષેત્રમાં ખાસ્સી નામના મેળવી છે અને કલાકીય દષ્ટિએ એમની નવલકથાઓએ સ્થાન જમાવ્યું છે. આમ વિશેષના પરિવેશ સાથે માનવ કેવી રીતે જોડાયેલો રહે છે તે તેમની નવલકથાઓ દ્વારા સિદ્ધ થયેલું જોઈ શકાય છે. વ્યવસાયિક સર્જકોએ એમની નવલકથાઓ દ્વારા વાચકોને આખી દુનિયાની સફર કરાવી છે અને ભાવકને માટે અજાણ્યાં સ્વપ્નો અને પાત્રોને નજર સમક્ષ મુકી આપ્યાં છે અને સમાજથી અલગ રાચતું પ્રણયનું કથાબીજ સમાજનું કેવું અભિન્ન અંગ છે તે ચિત્રિત કરી બતાવ્યું છે. એમની પાસેથી મળેલી મોટાભાગની નવલકથાઓ પ્રણય કથાઓ છે. પણ એમને આ કથા નિરૂપણમાં જે અલગ હાથોટી જમાવી છે તે સંદર્ભે વર્ણન - સંવાદ અને પાત્રનું સર્જન મુખ્ય પાસાં છે. આ તત્વો દ્વારા પ્રસંગ - ઘટના - સંઘર્ષ - ભાષા અને જીવનનું વાસ્તવ સંયોજીને રોમાંચકારી અને ઊભડક શ્વાસે વાંચવા પ્રેરે એવી નવલકથાઓ આપી શકયા છે. પ્રિયકાંત પરીખની આ બધી નવલકથાઓ દ્વારા ગુજરાતી નવલકથા તેનું સીમિત માળખું તોડીને વિશ્વ ફલક પર વિહાર કરતી થઈ છે. એ એમનું મુખ્ય પ્રદાન છે. ધારાવાહી નવલકથાને કેવી રીતે લોકભોગ્ય બનાવી શકાય તે આ સર્જકની નવલકથાઓએ સિદ્ધ કરી આપ્યું છે. અને એમની કલમનો સ્પર્શ આ નવલકથાને સુંદરતા અને કળા તત્વ સંદર્ભે માનવમન પર હાવી કરાવી દે છે અહીં ઉલ્લેખનીય નવલનું શીર્ષક જ કેવું ખુશ્બોદાર છે અને એ ખુશ્બુ એમની ૪૫ જેટલી ધારાવાહી નવલકથાઓમાં જોવા મળે છે. એનો એહસાસ થાય છે. સાહિત્યમાં સૌંદર્યના ઉપહાસ તરીકે તેઓ આ નવલો દ્વારા નામના મેળવી જાય છે.

કથાસર્જન, સાહિત્ય સર્જન પણ માનવીના સામાજિક સર્જનનો જ એક ભાગ છે. કલાસર્જન સાહિત્યસર્જન અને એકલદોકલ સમાજની બહાર - સામાજિક વ્યક્તિઓના તરંગ - તુક્કા જેવાં અચાનક ઊપસી આવતાં સર્જનો તથા કથા સાહિત્ય સર્જન જે તે સમાજની સમસ્યાઓ, તે સમાજમાં ચાલતા મંથનોને ઓળખવા મથતી, તેનાં ઉકેલ શોધતી એક વિશિષ્ટ પ્રકારની સામાજિક સર્જન પ્રવૃત્તિ છે. આ વાત પ્રિયકાંતની નવલકથાઓ વાચ્યાં પછી સમજાય છે.

## ૬.૨ ભગવતી કુમાર શર્મા કૃત - 'ઊર્ધ્વમૂલ'

અખબારી નવલકથાના એક મહત્ત્વના લેખક તરીકે ભગવતીકુમાર શર્માનું નામ ઘણું વિશેષ છે. તેમણે ઘણી અખબારી નવલકથાઓનું સર્જન કર્યું છે. એક નવલકથાકાર તરીકે તેમની 'આરતી

અને અંગારા' (૧૯૫૬), 'મન નહિ માને' (૧૯૬૨), 'ન કિનારા, ન મઝધાર' (૧૯૬૫), 'રિક્તા' (૧૯૬૮), 'સમયદ્વિપ' (૧૯૭૪), 'ઊર્ધ્વમૂલ' (૧૯૮૧), 'અસૂર્યલોક' (૧૯૮૭), 'નિર્વિકલ્પ' (૨૦૦૬) મહત્ત્વની રચનાઓ છે. એમાં 'ઊર્ધ્વમૂલ' રચનાની અખબારી નવલકથા તરીકે ચકાસણી કરવી જરૂરી છે.

'ગુજરાત મિત્ર' (સુરત) માં ધારાવાહી સ્વરૂપે પ્રસિદ્ધ થયેલી ભગવતીકુમાર શર્માની 'ઊર્ધ્વમૂલ' નવલકથા તેની કથાકીય સિદ્ધિને કારણે ૧૯૮૧ - ૮૨ ની શ્રેષ્ઠ નવલકથા લેખાતાં તે ગોવર્ધનરામ ચંદ્રક તથા રૂપિયા એક હજારના પારિતોષિકને પાત્ર જાહેર થઈ હતી.

ભગવતીકુમાર સફળ નીવડેલા નવલકથાકાર છે. કથાઓની માંડણી કરવામાં તેમને સારી ફાવટ છે. ભાવકોને રીઝવી શકે છે. આ મંતવ્ય જુઓ -

"નવલકથા અંગે ખાસ નોંધવા જેવી હકીકત એ છે કે શ્રી ભગવતીકુમારના ચિત્તમાં સાત સાત વર્ષ સુધી એ સેવાયા પછી અને પુનઃ પુનઃ એ લખાયા પછી અવતરી છે." [૪]

અનેકવાર લખ્યા પછી અવતરેલી આ નવલકથાઓની ગુણવત્તા વિશે કોઈ શંકા કહી શકાય નહીં. 'ઊર્ધ્વમૂલ' નવલકથા સમસ્યાત્મક છે. ક્ષમા, ગૌલય, બાદલ, ડૉ. કુણાલ, નિહાર, તેની પત્ની નિયતિ, ક્ષમાની મા માયા, માયા સાથે વિશિષ્ટ ભાવસંબંધ કેળવી બેઠેલા અંકલ - આ બધા જ પાત્રો કોઈક કોઈક સમસ્યાના વમળમાં ફસાયેલાં છે અને તે કારણે તે સહુનાં જ જીવન અત્યંત દુઃખમય છે.

આવી સ્થિતિનું નિર્માણ લેખકે આયોજન પૂર્વક કર્યું છે. એનાથી કથામાં સમસ્યા - સંઘર્ષ ઊભાં થયાં છે.

ક્ષમાના પપ્પાને મજબૂત શંકા છે કે ક્ષમા એ માયાના ઉદરમાં પાંગરેલા કોઈ અન્ય પુરૂષ બીજનું ફળ છે. આ વાત પણ આ કથાની અત્યંત ભાવુક, અસરકારક અને વાર્તારસને ઊંચે લઈ જનારી છે.

માયાને ક્ષમાના પપ્પા 'પિંગળા' તરીકે ઓળખે છે. સાગર અંકલ સાથેના એના વિશિષ્ટ ભાવ સંબંધથી મનમાં ઈર્ષાગ્નિથી અને વૈરાગ્નીથી સતત પ્રજવલિત રહેતા ક્ષમાના પપ્પા માયાને જીવતી સળગાવી મુકે છે. પરિણામે માયાનું મૃત્યુ થાય છે.

આ સમગ્ર ઘટના ધારાવાહીની કેન્દ્રરૂપ ગણી શકાય. પૂરેપૂરી સામાજિકતાનું લક્ષણ લઈને

અવતરેલી આ ઘટના ધારાવાહિકને ધારાવાહી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. અહીંનાં દરેક પાત્ર વિશેષ છે. ક્ષમાના જીવનમાં પ્રવેશેલા ગૌતમની વળી જુદી જ સમસ્યા છે. એ પણ પોતાની હયાતીનું મૂળ પામવા ઈચ્છે છે. એ સંશયવાદી થઈ ગયો છે.

અખબારી નવલકથાને પૂર્ણ કરવા લેખકે (૧) કથાફળ (૨) પાત્ર સંઘર્ષ (૩) પ્રસંગ ચોક (૪) સંબંધ સંદર્ભ ઉભાં કર્યા છે.

મૂલ્યહીનતાની વેદનાથી સંત્રસ્ત નિહાર કોલેજમાં જેની સાથે પોતાનો સંબંધ આત્મીયતાની કોટિએ પહોંચ્યો હતો. યામિની સમક્ષ પોતાની જીવન કિતાબ ઉઘાડતાં યામિની ભવિષ્યના ખ્યાલથી તેની લગ્નની દરખાસ્ત ફગાવી દઈ એનો ત્યાગ કરી ગઈ.

સંબંધ અને સંબંધ વિચ્છેદની વચ્ચેની કથા ધારાવાહિકનું લક્ષણ છે. નિહાર અનુભવે છે કે-

''આપણાં મૂળિયાં ધરતી સાથે જોડાયેલા નથી એ તો આપણી સમસ્યાનું સ્થૂળ રૂપ છે. આપણે ઊર્ધ્વમૂલ નથી બની શકતાં એ આપણા ઝૂરાપાનું ખરૂં કારણ છે. આપણાં મૂળ ધરતીમાં નહિ, આકાશમાં હોય એમાં જ આપણી સાર્થકતા, કારણ કે આકાશ અને કૃષ્ણ જુદાં નથી. ઝૂરાપો એ જ તો આપણું ભાવિ છે.''[(૫)]

ભગવતીકુમાર શર્મા નવલકથાને સર્વસ્વ માને છે - ''એક વાતની હવે મને પૂર્ણ પ્રતીતિ થઈ છે કે મેં જો નવલકથા ન લખી હોત તો સાહિત્ય સર્જક જ નહિ, મનુષ્ય તરીકેનું મારૂં ઘડતર અપૂર્ણ રહ્યું હોત.''[(૬)]

આ કથામાં ઘડતરનાં પ્રશ્નો છે જ - પતિથી ત્રાસેલી માયાને એક માત્ર આધાર સાગર છે, પણ એની જીવન નદી સાગરમાં સમાય ન સમાય ત્યાં તો એનો ધણી જ જબરદસ્ત ખડકની જેમ અવરોધક બને છે અને એની હસ્તી જ મીટાવી દે છે.

લેખક એક બાજુ અસ્તિત્વ તો બીજીબાજુ વ્યક્તિત્વની વાતો લઈને ભાવકને રીઝવે છે. આથી જ લેખકની મોટામાં મોટી સિદ્ધિ પાત્રોની મનઃ સૃષ્ટિના ભાવતરંગ કે વિચારલહરથી પરિચિત કરાવતાં કરાવતાં તે દરેકના વિશાળ અને વૈવિધ્યપૂર્ણ ભાવવિશ્વમાં ભાવકને ઘુમાવી વૈયકિતક, માનસિક, સામાજિક તથા આધ્યાત્મિક એમ અનેક સંઘર્ષે તેમના ભીતરનું ખંડેખંડનું વિગતે દર્શન કરાવવામાં અનુભવાય છે.

લેખક જીવનવાદી સર્જક છે, તેથી ધારાવાહીમાં સૌથી જરૂરી એવું લક્ષણ જીવનલક્ષિતા પ્રબળપણે

પ્રગટ થઈ શકયું છે. તેઓ કહે છે - ''મારી જે કાંઈ ભીતરી સંપદા છે તે બીજાં સાહિત્ય સ્વરૂપોના ખેડાણ ઉપરાંત વિશેષ માત્રામાં નવલકથા સર્જન દ્વારા વ્યકત થઈ.''(૭)

લેખકની સર્વશકિત ભાષાકર્મ, ઉપમા-વૈભવ ઘટનાના તાદશ્ય વર્ણન અને એક ગહન સમસ્યાત્મક વિષયની આવડા વિશાળ ફલક ઉપર સ્વસ્થ માવજત આ સર્વ આ કૃતિના સમૃદ્ધ અંશો છે.

'ઊર્ધ્વમૂલ' ઊર્ધ્વમૂલ થવાની પ્રક્રિયાની નવલકથા છે. માનવજાત સંબંધ વિચ્છેદમાં જે અટવાઈ પડી છે, તેને તેમાંથી મુક્ત કરીને ઊર્ધ્વગતિ અપાવવાની આ મથામણ સફળ થઈ છે. શ્રી ભગવતીકુમાર શર્માની આ નવલકથા તેમના માટે એક મહત્ત્વનું વિકાસદર્શી સીમાચિહ્ન છે. એટલું જ નહીં ધારાવાહિકોની નિમ્નતાનું કલંક આ નવલકથા દૂર કરે છે.

લેખક લખે છે કે - ''ઘણો મથાવ્યો, થકવ્યો છે એ કૃતિએ મને - માત્ર એના દખથી નહિ તેમાં જે અભિપ્રેત કથયિતવ્ય છે તે પણ.....''(૮)

આમ 'ઊર્ધ્વમૂલ' અખબારી નવલકથાનું એક સીમાચિહ્નબની રહે છે. તેની સાથે સાથે ઊર્ધ્વમૂલ માનવીય સંવેદનાઓની ધારાનું પણ સીમાંકન બની રહે છે. જીવન અને કલાની વચ્ચે રહીને કાર્ય કરતા આવા સર્જકો જ અખબારને સાહિત્યના ક્ષેત્રમાં લાવી મુકે છે અને સાહિત્યને અખબાર દ્વારા લોકો સુધી પહોંચાડે છે.

અખબારી નવલકથાની ચર્ચા હોય અને ભગવતીકુમાર શર્માને યાદ ના કરીએ તો ચર્ચા અધુરી રહી જાય. ધારાવાહી નવલકથાના સર્જનમાં ભગવતીકુમાર શર્મા સીમાચિહ્નરૂપ સર્જક છે. અને એમનું સ્થાન એ રીતે ગુજરાતી સાહિત્યમાં વિશેષ છે. એક તો તેઓ ઉત્તમ પ્રકારના ગઝલકાર છે. એટલે એમની આ પ્રકારની નવલકથાઓને એમની કવિત્વ શક્તિનો પણ લાભ મળ્યો છે. મોટાભાગે એમની 'ઊર્ધ્વમૂલ' અને 'સમયદ્વિપ' તથા 'અસૂર્યલોક'ને સ્મરવામાં આવે છે. પરંતુ એમની આ સિવાયની નવલકથાઓ એમની સર્જકતાનો પાયો છે અને વ્યવસાયિક ધોરણે રહીને પણ તેઓએ કળાના તત્વને એક ડગલું આગળ લઈ જવાનું માન મેળવ્યું છે.

એમની પાસેથી મળતી નવલકથાઓમાં રહી અહીં જેનો અભ્યાસ કરીએ છીએ તે ઊર્ધ્વમૂલમાં એમણે જે કથા - વાર્તાને જે ઘાટ આપ્યો છે. તેમાં સમસ્યા - રહસ્ય - સંઘર્ષ બહુ જ સરસ રીતે ઉપસાવી આપ્યાં છે. શંકાશીલ માનસ કેવી તાણ અનુભવે અને એની અસર તળે સામેના પાત્રો

કેવી પરિસ્થિતિમાં મુકાય અને કેવા પ્રસંગોમાં અટવાય તે પોતાની ભાષા - શૈલી અને આગવી છટાથી સર્જક બતાવી શકયા છે. સમાજમાં અચાનક કે અજાણતા બનેલી ઘટનાઓ માનવ જીવનમાં એના કુટુંબ કબિલામાં કેવો ઉલ્કાપાત મચાવી દે છે તેનો ચિતાર આપતી આ નવલકથાએ સર્જકની ઘણી કસોટી પણ કરી છે. અહીં એમણે આ નવલકથા સમગ્રરૂપે આલેખિત જે તે પ્રદેશ અને પ્રજાની વિશિષ્ટ સંસ્કૃતિને પણ પ્રગટ કરે છે. તો એમણે કરેલી એની માવજત અને આલેખેલો સમાજ, પ્રદેશ કરતાંય વિશેષ બળવત્તર અને અસરકારક પરિબળ બની રહે છે એ નોંધવું જોઈએ. આપણા સમાજનો સભ્ય સમાજ સંદર્ભને સ્વીકારી - જાળવી અને જીરવીને જ જીવી શકે છે. કથાના પ્રવાહને આગળ લઈ જવામાં આ તત્વો ખાસ મહત્ત્વનાં છે. એમાંથી જ વ્યક્તિ અને સમાજ તથા જીવન આપોઆપ પ્રત્યક્ષ થાય છે અને સાચા નિરૂપણમાંથી માનવ જાતને ઓળખી શકાય છે. ભગવતીકુમાર શર્માની ઉકત નવલકથામાં આ બધું રચાઈને આવ્યું છે. આમાં જ નહીં એમની અન્ય ધારાવાહી નવલકથાઓમાં પણ એમ જ બનવા પામ્યું છે. વિષય વસ્તુની પસંદગી, પાત્રની આંતર - બાહ્ય વ્યક્તિત્ત્વ અને કથાની માંડણી કરી અંકોડા મેળવતી એમની સર્જક કલમ આપણને અદ્દભૂતતાના દર્શન કરાવે છે. વિશાળ ફલકને બધી બાજુના એંગલથી તપાસી - ચકાસી ભાવક સમક્ષ મૂકવામાં તેઓ સફળ રહ્યા છે એટલા જ તેઓ પ્રસિદ્ધ પણ થયા છે અને એમની આ ધારાની નવલોએ એમને નામ અને દામ બેઉ આપ્યા છે.

## ૬.૩ દિલીપ રાણપુરા કૃત - 'પીઠે પાંગર્યો પીપળો' (૧૯૮૭)

અખબારી નવલકથામાં જે નામ ઘણું બધું જાણીતું છે, એ દિલીપ રાણપુરાની અખબારી ધારાવાહીની યાત્રા ઘણી જ લાંબી છે. કારકિર્દીની શરૂઆતથી જ તે ધારાવાહી નવલકથામાં સક્રિય છે. તેથી તેમની કથાઓ લોકપ્રિય સાહિત્યની તમામ લાક્ષણિકતાઓની સૂચક બની રહે છે.

તેમણે આ પ્રકારનું સર્જન કરતાં 'સૂકી ધરતી સૂકા સેઢા' (૧૯૬૭), 'હું આવુ છું' (૧૯૬૯), 'આતમ વીંઝે પાંખ' (૧૯૭૦), 'ભીંસ' (૧૯૭૦), 'કારવાં ગુજર ગયા' (૧૯૭૬), 'રે અમે કોમળ કોમળ' (૧૯૭૯), 'પીઠે પાંગર્યો પીપળો' (૧૯૮૭) નો સમાવેશ થાય છે.

'પીઠે પાંગર્યો પીપળો' (૧૯૮૭) દિલીપ રાણપુરાની ધારાવાહિક નવલકથા છે. આ નવલકથા

'લોકસત્તા - જનસત્તા'માં ધારાવાહી સ્વરૂપે પ્રગટ થઈ હતી. એનું નામ અને એની કથા ઘણી જ સૂચક છે. અહીં 'પીઠ' એ એક મહત્ત્વનું પ્રતીક બની જાય છે. લેખકે 'પીઠ અને પીપળો' બંનેને કથામાં વિસ્તાર્યા છે.

લેખકે નિવેદનમાં કહ્યું છે કે - ''પીઠે પાંગર્યો પીપળોનું કથાનક રોમેન્ટિક નથી શૃંગારિક નથી, એ પ્રેમકથા પણ નથી, એ કથા છે મનોવૈજ્ઞાનિક અને એટલે જ મનોવિશ્લેષણાત્મક છે.''(૯)

કથાને મનોવિશ્લેષણાત્મક બનાવીને નવો આધાર રજૂ કર્યો છે.

ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર વિજય શેઠ 'મને એક ગીત આપો'. નાયક ગુજરાતી ફિલ્મનો ટ્રાયલ શો જોતા હોય છે, તેના એક દશ્યમાં સંધ્યા સમયે તળાવમાં કપડાં ધોયા પછી સ્નાન કરી રહેલી એક યુવતીની પીઠ દેખાય છે. તે દશ્ય જોઈને તે અસ્વસ્થ થઈ જાય છે.

લેખકે અહીં આભાસજનક કથા ઘટકો રજૂ કર્યા છે, જેના થકી વાચકો ધારાવાહીમાં ખેંચાઈને કથા પ્રવાહમાં વહી જાય. આ યુક્તિ સફળ પણ થઈ છે. અને આ ભાસને તેઓ કથામાં યથાવત રાખે છે. ''એ દિવસ પછી હોટલના કોરીડોરમાંથી પસાર થતાં વળાંક પાસેથી વળી રહેલી કોઈ યુવતીની પીઠ તે જુએ છે.''

લેખક 'પીઠ' પર સંવેદનાનાં અને વેદનાનાં દશ્યો અંકિત કરે છે ત્યારે 'પીઠ' એ એક કેનવાસ બની જાય છે.

વિજયે કિશોરાવસ્થામાં તેના ગામના તળાવ પાસે સ્નાન કર્યા પછી કપડાં પહેરતી દીપાની પીઠ જોઈ હતી અને તેને સ્પર્શવાની પ્રબળ ઈચ્છા તેને થઈ ગઈ હતી. તે પીઠને તે વિસરી શકતો નથી. એક બાજુ 'શરીરની પીઠ' અને બીજી બાજુ 'પાત્રનું મન' બંનેને સાથે સાથે મુકીને લેખકે અહીં તનથી મન સુધીની યાત્રા કરાવી છે. આ યાત્રા વાચકો માટે સુખદ નીવડી છે.

દીપા શ્રીકાંતને પરાણે પરણે છે. અને વિજય કોઈને પરણી શકતો નથી. લગ્નનાં નવ વર્ષ પછી પત્નીની પીઠથી મોહિત થયેલો શ્રીકાંત કહે છે - ''સ્ત્રીનાં બીજાં અંગો આકર્ષક, વિહ્વળ કરી મૂકે એવાં હોય છે, પણ એની પીઠ આવી કામુક હોય એ તો આજે જોયું.''(૧૦) અહીં આકર્ષણ, લગાવ અને પ્રેમનાં તીર છૂટતાં જણાય છે, પણ કથામાં ખાસ તો માનવ મનનું આલેખન જ મહત્ત્વનું જણાય છે.

નવલકથાના શીર્ષક પરથી સમજાય છે કે કૃતિમાં પીઠ જેવું જ બીજું મહત્ત્વનું તત્વ છે પીપળો.

પીપળાને પ્રતિકાત્મક વિનિયોગ કરવાનો સભાન પ્રયાસ લેખકે કર્યો છે. પીપળા સાથે દીપાની સ્મૃતિ સંકળાઈ હોવાથી વિજય દીપાને કહે છે ''મારા મનમાં એક પીપળો ફેલાઈ ગયો છે....ને એ સંદર્ભે પીપળામાં તું ધબકી રહી છે.....'' (૧૧)

કથા - પાત્ર - વર્ણન - સંવાદ - પરિવેશ - પ્રવાહ - શૈલી - અભિવ્યક્તિ બધું જ અહીં 'પીઠ' અને 'પીપળા' ને ઉજાગર કરે છે. પીઢ, અનુભવી નવલકથાકાર હોવાને કારણે શ્રી રાણપુરા પાસે અભિવ્યકિત માટે સક્ષમ ભાષા શૈલી છે. ભાષાને સૂજપૂર્વક પ્રયોજીને કથાને જોઈતું વાતાવરણ ઊભું કરવાની એમનામાં ઘણી ઉત્કૃષ્ટ આવડત છે. સાહિત્યિક ગદ્યલખવાનો સભાન પ્રયાસ આ નવલ કથામાં જોઈ શકાય છે. પરંતુ સાહિત્યિક ગદ્ય લખવાની તેમની અતિ સભાનતાને લીધે કયાંક કયાંક તેમનું ગદ્યકૃતક બની ગયું છે.

લોકપ્રિય નવલકથાકારની આ મર્યાદા હોવા છતાં સામાન્ય વાચક માટે આ ભાષા જરૂરી હોય છે.

જેમકે આ જ સંવાદ જુઓ-

ધારા કહે છે - ''ડેડી જ્યારે ઘરની વાત કરે છે ત્યારે હું કહું છું, ડેડી તમે જે ઘર સુસ્ત થઈ ગયાની લાગણી અનુભવો છો એ ઘર પાછું ઊભું થઈ ગયું છે. એમાં નવો પ્રકાશ ઝળહળી રહ્યો છે. એમાં લાગણીઓ ધબકે છે એના પ્રત્યેક ધબકારામાંથી  તમને આવકારવાનું ગુંજન ધ્વનિત થાય છે.''(૧૨)

વિજ્ઞાન વિદ્યાશાખાની છાત્રના મુખમાં આવા રોમેન્ટિક શબ્દો સહજ લાગતા નથી. પરંતુ જ્યારે વાચક આ વાત સાંભળે છે ત્યારે તેને સંવેદના અને ભાવનાની કથામાં રસ પડે છે, નહિ કે કોણ બોલે છે તેમાં આથી આ મર્યાદા સામાન્ય વાચક માટે નથી.

પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે - ''વિજય દીપાની કિશોરાવસ્થાની પ્રણયોક્તિઓનો રોમેન્ટિક મિજાજ કંઈક અંશે સમજી શકાય, પણ પિસ્તાળીસેક વર્ષની પ્રૌઢ વયે, જીવનના વેદનામય, દુઃખદ અનુભવોમાંથી પસાર થયા પછી પણ એ પાત્રો, પુનર્મિલન પછી જે રોમેન્ટિક ઉક્તિઓ ઉચ્ચારે છે તેમાં લાગણીના ઉદ્રેક કરતાં વધુ તો વાગાડંબર, વાગ્મિતા અનુભવાય છે.''

આ મર્યાદાને પણ સામાન્ય વાચક ઉવેખીને ફેંકી દે છે. કારણ કે પ્રેમ ના ઉંમર જુએ છે ના અવસ્થા.

લેખકનો રૂપકનો શોખ વળગણ બનવા સુધી વિસ્તર્યો છે. આવો શોખ કૃતક બની જાય છે. સમજની સવાર, ઝેર પાયેલાં વાક્બાણો, પીડાના પોટલાં, સ્વસ્થતાનાં ફૂલ, માર્ટલની ડોક, વિવશતાનું વાદળું,હૃદય મંજૂષા, અણગમતો છોડ, સ્પર્શનું જળ, અતીતના ડુંગરાઓ, અહંકારનો સ્પર્શ વગેરે શબ્દ ખંડો - વાક્યખંડોમાં કાવ્યાભાસ રચાય છે. નવાં નવાં શબ્દો ખંડો રચવાની હોંશ જોશપૂર્વકની છે. પણ મર્યાદા પણ બને છે.

આ વર્ણન જૂઓ - ‘‘વિજય બાલ્કનીમાં જઈને જોવા લાગ્યો. ધીમે ધીમે સડક તળાવમાં રૂપાંતરીત થવા લાગી. માણસો અદશ્ય થવા લાગ્યાં. બિલ્ડીંગો જાણે વૃક્ષ બની ગયાં....’’[(૧૩)]

ટૂંકમાં લેખકની ભાષા કથામાં ક્યાંક એવી રીતે ભળી ગઈ છે કે ધારાવાહિક બનીને વહી નીકળી છે, પણ ક્યાંક ધારાવાહિકનાં કોઈ પથ્થરની જેમ નક્કર રહીને ઓગળી જતી નથી. આથી કથા ક્યાંક ઢીલી પડે છે, છતાં સમગ્રપણે અખબારી ધારાવાહિક નવલકથા તરીકે આ નવલકથાને સફળ ગણી શકાય.

સાહિત્યની લોકપ્રિયતા કેવી રીતે સિદ્ધ થાય એ બાબતનો ખ્યાલ દિલીપ રાણપુરાની નવલકથા યાત્રાએ સિદ્ધ કરી આપ્યો છે. એમની કલમ જ ધારાવાહી રૂપે સાહિત્યમાં પ્રવેશ પામી છે અને કેટલાય પડાવ - લાંબી યાત્રા પછી એક આગવું સર્જકતા આપણી સમક્ષ મુકી શક્યા છે. એ એમની નવલોથી પ્રમાણી શકાય. કુટુંબ - સમાજ - માનવ - શિક્ષણ - વ્યવહાર - બધું તો ખરૂં જ પણ દિલીપ રાણપુરાની મોટાભાગની નવલકથાઓ સામાજિક છે. તો મનોવિશ્લેષણાત્મક અભિગમ ધરાવતી તેમની આ નવલકથા આપણા સાહિત્યમાં એની આગવી શૈલીથી અને રચના કૌશલથી અલગ તરી આવે છે.

સાહિત્યનાં કોઈ પણ સર્જનોમાં પ્રતીકનો વિનિયોગ સર્જક જ્યારે કરે છે ત્યારે તે કથામાં એક પરિમાણ ઉમેરાય છે. પ્રસ્તુત નવલકથામાં પણ એવો પ્રયોગ કરીને સર્જકે સફળતા પ્રાપ્ત કરી છે. મનનાં આંતર-બાહ્ય સંચલનો દ્વારા પાત્રનાં સહજ વિકાસ દ્વારા સર્જકે જે પરિવેશ આપણી સમક્ષ ઊભો કર્યો છે તે જ મનનો કાબૂ મેળવી લે છે. એ જ તો એમની લોકપ્રિયતા છે.

### ૬.૪ રાઘવજી માધડ કૃત ‘તરસ એક ટહુકાની’

સાંપ્રત સમયની અખબારી નવલકથાધારાનું એક મહત્ત્વનું નામ એટલે રાઘવજી માધડ. તેમણે

ધારાવાહિક નવલકથાનું સર્જન કરીને ઘણી માતબર કૃતિઓ ભેટ ધરી છે. તેઓ કહે છે ‘‘વિષયવસ્તુનું સંકલન, લાંબા પટ પર વિહરવું, પરિવેશ અને પરંપરાને પ્રતિબિંબિત કરવી, ભાષા રચના અને અભિવ્યકિત, પ્રસંગોની ગૂંથણી - આ બધું નજર સમક્ષ રાખ્યું છે.’’ (૧૪)

રાઘવજી માધડ એક અખબારી નવલકથા સાથે સંકળાયેલા સરળ લેખક છે. તેમણે ‘વંટોળ’ (૧૯૯૩), ‘સ્વપ્નદાહ’ (૧૯૯૩), ‘અતીતવન’ (૧૯૯૪), ‘ઉઘાડી આંખે સમણાં’ (૧૯૯૪), ‘તરસ એક ટહુકાની’ (૧૯૯૮), ‘આ પાર પેલે પાર’ (૨૦૦૦), ‘સગપણ એક ફુલ’ (૨૦૦૧) ‘જળતીર્થ’ (૨૦૦૨) અને ‘સંગાથ’ (૨૦૦૭) વગેરે અખબારી નવલકથાઓ લખી છે.

રાઘવજી માધડની નવલકથાઓ ઘણી લોકપ્રિય છે. ‘ફૂલછાબ’ દૈનિક રાજકોટમાં એમની ‘તરસ એક ટહુકા’ની નામે નવલકથા ક્રમશઃ પ્રકાશિત થઈ રહી હતી. પ્રથમ પાંચ પ્રકરણ લખીને આપી દીધા હતા. કથા આગળ વધતી હતી. લોકોને રસ પડતો હતો. તેઓ લખે છે - ‘‘રાતોની રાતો મને ઊંઘવા નથી દીધો, મારી કથાનાયિકા - વિલાસે - યુવાન વિધવા મને રીતસરની કહે - તમારે મને આપવા હોય એટલાં દુઃખ આપો પણ હું ડગવાની નથી કે નથી ચલિત થવાની.’’(૧૫)

સમસ્યા પ્રધાન અને હેતુલક્ષી નવલકથાના આલેખનમાં સૌથી મોટું ભયસ્થાન દસ્તાવેજી ચિત્રણ અને ઉપદેશ પ્રધાનતાનું છે. પરંતુ રાઘવજી આ ભયસ્થાનથી મુક્ત રહી શકયા છે, એ એમની કલાસૂઝ સૂચવે છે.

ગ્રામ્ય પરિવેશવાળી જાનપદી નવલકથાઓને અખબારોએ હંમેશાં પક્ષપાત કર્યો છે, છતાં ઘણા સમયથી સ્થિતિ સુધરી છે. અખબારોએ શહેરીજીવનની નવલકથાઓને અગ્રેસર પ્રાધાન્ય આપ્યું છે. પરંતુ ગ્રામ્યજીવનને દૂર રાખ્યું છે. આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ ‘‘જાનપદી નવલકથાઓ ધારાવાહી તરીકે પ્રસિદ્ધ થઈ શકી છે. પ્રવિણ દરજી લખે છે - જાનપદી વિશેષણ લાગતાં નવલકથાની ચાલના બદલાય છે. એના ઘટાટોપમાં ઘણાં બધાં પરિવર્તનો આવી રહે છે.’’(૧૬)

ગ્રામ્ય પરિવેશની જાનપદી નવલકથા વળી ‘ફૂલછાબ’ જેવા પ્રતિષ્ઠીત દૈનિકમાં પ્રગટ થાય, લોકો હોંશે હોંશે વાંચે ને પત્રો લખે; પત્રોનો મુખ્ય સાર એવો હોય કે ‘હવે વિલાસને બહુ દુઃખ ન આપો.’ લોકભાગીદારી કથાને વધુને વધુ પોષણક્ષમ બનાવે છે. કથામાં પ્રવાહિતા અને સાત્વિકતા આણવાનું કામ લોકસમુદાય કરે છે. કોઈક તો આક્રોશ પ્રગટ કરતાં લખે છે કે : ‘વિલાસે તમારૂં શું બગાડયું છે ?’ એવું વિધાન લોકોનું છે. લેખક પછી આ વસ્તુ પ્રત્યે સભાન બની જાય છે. આ

ફાયદો છે. અખબારી નવલકથાએ એમાં લેખકની આગવી ચાલનો અંદાજ આવે છે, પોતાની કલા સુધારી શકે છે.

લેખક કહે છે - ''આ વેળા મૂળ કથાબીજ ઉદ્દેશ્યમાંથી ચલિત થયા વગર આગળનું પ્રકરણ લખવા હું પથારીમાં તરફડિયાં મારતો રહું, પ્રસુતાની પીડા ભોગવતો રહું ને ત્યાં સામે આવીને ઉભી રહે આ વિલાસ'' (૧૭)

લેખકને લોકોનો ભાવ - પ્રતિભાવ મળે ત્યારે તે જાગૃત રહે છે. પાત્રો વિશે, પ્રસંગો વિશે તે ભાવકોનો દષ્ટિકોણ વિચારી શકે છે, સમજી શકે છે. આથી કથાને એક નવું જ પરિમાણ લાધે છે. 'તરસ એક ટહુકાની' એ તરસની વાત છે. પરંતુ એ તરસનું નિરૂપણ કરવામાં લેખકે જનતાના પ્રતિભાવને પણ લક્ષ્યમાં લીધું છે.

નવલકથાકાર લખે છે - ''મારી ખરેખરની કસોટી થયેલી ત્યારે હું પાત્રોનું સર્જન કરવાને બદલે પાત્રોને જીવતો હતો. કારણ કે પાત્રો સાચુકલાં, મારી અડખે પડખે ફરતાં હોય અને ગામડું તો મારી નસેનસમાં વહે !'' (૧૮) ગ્રામ જીવનની અને વ્યકિત જીવનની કથાઓનું મિશ્રણ લેખક સહજ રીતે કરી શકયા છે એટલું જ નહીં પણ આ કથાઓ ભાવકો સુધી સહજ રીતે પહોંચી શકી એ રાઘવજી માધડની પરીક્ષા તેમાં છે કે તેઓ સતત વાર્તાઓ લખે છે - પણ કથાને મારીમચડીને રજૂ કરતા નથી. કથામાં જ તેઓ કહે છે-

''કથા પૂર્ણ થઈ વાડીને લીલી રાખવા કથાનાયિકાનું અસ્તિત્વ ખેતરની વચ્ચે જ ઓગળી જાય છે. આ રીતે સ્વકીય અનુભૂતિ જ નાયિકાની અનુભૂતિ બની જાય છે.''

આ લેખક વાચકોના જથ્થાબંધ પાત્રોના લીધે જ્યારે કથા પુસ્તકરૂપે પ્રગટ થાય છે, ત્યારે તેમાં એવું પ્રકરણ ઉમેરે છે - વિલાસ અને તેના પ્રેમી વિઠ્ઠલનું સુખદ મિલન. આ વસ્તુ અખબારી નવલકથામાં જ શક્ય બને છે. કારણ કે અહીં સર્જકની સૂઝ સાથે બીજા વાચકોની સૂઝ - સમજ - આગ્રહ અને ન્યાય ભળે છે. લેખક કથાનો સુધાર કે વધાર કરી શકે છે. લોકપ્રિયતા કરતાં યોગ્યતા માટે આ વલણ વધુ જરૂરી છે. લેખક પોતાની ગુણવત્તામાં સુધારા વધારા કરી શકે તે અખબારી નવલકથાનું એક મહત્ત્વનું જમા પાસું છે.

વિલાસ અને પ્રેમી વિઠ્ઠલની કથા જ આ નવલકથાનું કેન્દ્ર હોઈ લેખકે આ કથા ઘટકને ચાર માધ્યમથી વિચાર્યું છે.

(૧) વ્યકિતગત અનુભૂતિના માધ્યમથી

(૨) પ્રણયની જરૂરિયાતના માધ્યમથી

(૩) પાત્ર નિરૂપણની આવશ્યકતાના માધ્યમથી

(૪) સમાજ નિરૂપણની ઉત્કૃષ્ટતાના માધ્યમથી

આમ, આ કથામાં વ્યક્તિ, પ્રણય, પાત્ર અને સમાજમાં તમામ પાસાં મનોવિશ્લેષણાત્મક અને વૈયક્તિક દષ્ટિકોણથી રજૂ થયાં છે.

પોતાની કેફિયતમાં લેખક કહે છે - ''આ કથાને હું જીવ્યો છું. પાત્રોની વેદનાએ મારી વેદના..... મારી જાત પીડા થઈને ઊભી રહી છે. આમ કેટકેટલુંય મારામાંથી પસાર થયું છે. આનંદ, પરિતાપ, સ્થૂળ સૂક્ષ્મ અનુભવો, પાત્રો..... સઘળું જ સાગમટે જીવી ગયો.''(૧૯)

લેખક માટે તો કથાવસ્તુ પ્રાપ્ત થવાના કોઈ પ્રશ્નો જ નથી. કથાવસ્તુ વીરડામાં ફૂટતી સરવાણીની માફક એમનામાંથી ફૂટતી જ રહે છે. કથા તો આજુબાજુથી મળી રહે છે, અને એ જ ધારા ધારાવાહિક બની જાય છે. તરસ ટહુકાની નથી હોતી પણ તરસ તો હોય છે કથાની. આ છે એમની શખ્સીયત.

પત્રકારત્વના ફળરૂપ ગુજરાતી સાહિત્યને મળેલ તેમની નવલકથાઓનું એકસરખું ગુણત્ત્વ નહીં હોય કદાચ એટલે કે ઉત્કૃષ્ટતાના અંશો ઓછાવત્તા હશે તો પણ તેનું મહત્ત્વ ને ઉપયોગિતા કોઈ રીતે ઓછી નથી એટલે જ રાઘવજી માધડ ગુજરાતી સાહિત્યના જ્ઞાતા તરીકે પણ સારી છાપ ધરાવે છે. એમણે પોતાની કૃતિઓમાં રોમાંચક અંશોને સાકાર કરીને ગુજરાતી ગદ્યને બળતા રાખવાનું સ્પર્શ કરાવી વાણીધોધ વહેવડાવવાનું અને તેમાં રહેલા માનવ લાગણીઓના ભાવોના તરંગોમાં વાચકોને રસતરબોળ કરવાનું અમૂલ્ય આ સર્જક પોતાની કૃતિઓમાં ગદ્યશિલ્પીની છાપ છોડી જાય છે. એમની અંગતરૂચિનો પણ લાભ એમની શૈલીને મળ્યો છે. નવલકથામાં પ્રાદેશિકતાના તત્વને તો મેઘાણીએ આણેલું પરંતુ અહીં આ સર્જક પણ પોતાની આ કૃતિમાં એ બાબતને લઈ એક હેતુસર્જન નવલ આપે છે. જેમાં ભયસ્થાનો ઘણાં છે. તે છતાં સર્જક એનાથી મુક્ત રહી શક્યા છે. આ એક પ્રણય કથા હોવાની સાથે ઉપદેશાત્મક અંશો પણ ઉજાગર કરે છે અને દસ્તાવેજી ચિત્રણો દ્વારા પ્રસંગોને ગૂંથે છે. કથા વહાવે છે એમ એ સમયનો અને પ્રદેશનો સમાજનિરૂપી સૌંદર્યકૃતિ નિર્માણ કરી શક્યા છે.

## ૬.૫ મોહનલાલ પટેલ કૃત - 'અંતિમદીપ' (૧૯૬૦)

મોહનલાલ પટેલ એક લોકપ્રિય અખબારી નવલકથાકાર છે. તેમણે ઘણી નવલકથાઓની રચના કરી છે. મોહનલાલ પટેલે 'હેતનાં પારખાં' (૧૯૫૭), 'ખાલીખેપ' (૧૯૫૯), 'અંતિમદીપ' (૧૯૬૦), 'સાંજ ઢળે' (૧૯૭૬), 'જલતા હિમગિરિ (૧૯૭૭), 'શમણાં ન લાગે હાથ' (૧૯૭૯) 'નયન શોધે નીડ' (૧૯૮૧), ટહુકે પંખી કોઈ ઘાટમાં (૧૯૮૧), 'રણમાં છાઈ શ્યામ ઘટા' (૧૯૮૨), 'પડદા જરી કિનખાબના' (૧૯૮૫), 'અંધારી રાતના ઓળા' (૧૯૮૫), 'ભાસ આભાસ' (૧૯૮૭) જેવી નવલકથાઓની રચના કરી છે.

મોહનલાલ પટેલ એક સૂઝબૂઝવાળા નવલકથાકાર છે. તેમણે 'અંતિમદીપ' નામની નવલકથા લખી છે, જે 'ગુજરાત સમાચાર'માં છપાઈ હતી. આ નવલકથા વિશે તેઓ કહે છે - ''મારી ત્રીજી નવલકથા 'અંતિમદીપ' એક ઐતિહાસિક રચના છે. ઈ.સ. ૧૯૩૫ - ૩૬ના વર્ષમાં હું પાટણ હાઈસ્કૂલના પ્રથમ ધોરણમાં (હાલમાં પાંચમું) માં હતો, વર્ગના સમય પત્રકમાં નેચર સ્ટડીના બે પિરીયડ. આ પિરીયડોમાં અમારા વર્ગ શિક્ષક ઘણું ખરૂં સહસ્ત્રલિંગ તળાવના વિસ્તારમાં લઈ જતા.'' (૨૦)

'અંતિમ દીપ'નાં બીજ આમાં પડેલાં છે. એ વખતે વડોદરા રાજ્ય તરફથી ખોદકામ ચાલતું હતું. નહેરનો માર્ગ, રૂદ્રકૂપ, કાંસના પગથારના થોડા અવશેષ વગેરે ખુલ્લું થયેલું. ચારે તરફ વિવિધ પ્રકારના પથ્થર વેરાયેલા, ઈંટ રોડાના તો ગંજના ગંજ. એ વખતે આ વિસ્તાર એક પરિપ્રદેશ બનીને મન ઉપર બરાબર પકડ જમાવી ચૂકેલો. કોલેજ કાળમાં પણ આ વિસ્તાર લેખકના ચિત્તમાં ભ્રમણ કરતો હતો.

આવા અણહિલ પુરના ધ્વંશને કેન્દ્રમાં રાખીને નવલકથા લખાઈ છે.

ઐતિહાસિક નવલકથાને ધારાવાહિક તરીકે રજૂ કરવાનો પ્રયોગ તો છેક મુનશીથી શરૂ થયો હતો. અને તેમાં સફળતા મળી હતી. આ ધ્વંસનો સમય એટલે કર્ણદેવ વાઘેલાનો રાજ્યકાળ, ફકત ત્રણ વર્ષનો એ રાજ્યકાળ મોટું કાર્ય હતું. ઈતિહાસ માટે પહેલેથી જ રૂચિ ખરી. બી.એ.માં મુખ્ય વિષય તરીકે ઈતિહાસ રાખેલો લેખકે. આ વિશે તેઓ કહે છે :

''જરૂરી સંશોધન માટે ભરપૂર માત્રામાં સાહિત્ય ઉપલબ્ધ હતું. ઈતિહાસના ગ્રંથો તો ખરા, પણ એમાંની વિગતોની ખરાઈ માટે રા.ચુ. મોદીના બે લેખ સંગ્રહ છે. ધર્મારણ્ય ગ્રંથ, હેમ સારસ્વત

ગ્રંથ. રસિકલાલ પરીખની કાવ્યાનુશાસનની લગભગ ૨૫૦ પાનાંની પ્રસ્તાવના, રત્નમ આદિતરાવના ત્રણ સાંસ્કૃતિક ઈતિહાસના ત્રણ ખંડ, ભોગીલાલ સાંડેસરાના કેટલાક લેખ.''(૨૧)

મોહનલાલ પટેલ એક સૂઝબૂઝ ધરાવતા નવલકથાકાર હોવાથી સમય - સ્થળ - વ્યક્તિ - વાતાવરણ વગેરેની તકેદારી રાખે છે. આથી જ લેખકે પોતાની ઐતિહાસિક એવી આ કૃતિમાં એ સમયની પ્રજા, એના રીતરિવાજ, ઉત્સવ, આવાસો, ધર્મસ્થાનો, નગર રચના, શિલ્પ સ્થાપત્ય વગેરેની જાણકારી માટે રૂપાશ્રય, કીર્તિકૌમુદી, પ્રબંધ ચિંતામણી, નાભિનંનો દ્વાર પ્રબંધ, મોહરાજ પરાજય નાટક, મોટો કુમારપાળદાસ, રાજવલ્લભ, અપરાજીત પૃચ્છા, પાટણ સૈન્ય પરિપાટી વગેરે અનેક ગ્રંથો લેખક માટે સંદર્ભ સામગ્રી બની રહ્યા.

અખબારી નવલકથામાં 'ઈતિહાસ' એક મહત્ત્વનું પરિબળ રહ્યું છે. રાજાઓનાં પરાક્રમો અને શાસન વગેરે જાહેર પ્રજામાં લોકપ્રિય વાચન સામગ્રી રહી છે. ટી.વી. સિરીયલો પણ આ વિષયોમાં ઘણી સફળ રહી છે.

ગુજરાતી વાચક જે પ્રકારની ઐતિહાસિક નવલકથાઓ વાંચીને સંતુષ્ટ હતો અને એમને વારંવાર વાંચીને આનંદ માણતો હતો તેના કરતાં સાવ જુદા પ્રકારની નવલકથા એની આગળ ધરવામાં મોટું સાહસ હતું. ઈતિહાસ અને કથા, સાહિત્ય અને કલા તથા જીવન અને સાહિત્ય વચ્ચેના સંબંધોને સૂઝબૂઝથી રજૂ થયેલી આ કથામાં માત્ર રાજાનું શાસન નથી પરંતુ રાજાનું જીવન છે.

ગુજરાતી સાહિત્યમાં લખાયેલી બધી ઐતિહાસિક નવલકથાઓ ઐતિહાસિક કરતાં રોમાન્સ પ્રકારની છે. ઐતિહાસિક નવલકથા અને રોમાન્સની ભેદરેખા ઘણી પાતળી છે. એડવર્ડ આલ્બર્ટે કહ્યું છે-

"......broadly speaking, we may say that the romance depends for its chief interest on incident and adventure, wheres the novel depends more on the display of character and motive."(22)

લેખક સતત લખતા રહેતા હોવાથી નવલકથાનું આયોજન કરી શક્યા છે, પ્રસંગો - ઘટનાઓ વગેરેમાં સંદિગ્ધતા ના આપી જાય તેનું ધ્યાન રાખ્યું છે.

મોહનલાલ પટેલે આ કથાને રોમાન્સનો ઘાટ આપ્યો નથી. પાત્રો પાસે માનવીની શારીરિક શકિત બહારનાં સનસનાટીભર્યા સાહસ કરાવ્યાં નહોતાં. પૂરા અભ્યાસ અને જરૂરી સંશોધન પછી મેળવેલી ઐતિહાસિક હકીકતોને જરા પણ વિકૃત કર્યા સિવાય નવલકથામાં આલેખી છે.

ધારાવાહી નવલકથા અને ઈતિહાસનો જૂનો સંબંધ છે. લેખકે એ સંબંધમાં રંગ પૂર્યો છે. નવી જ રંગપૂરણી કરીને લેખકે ધારાવાહિક ઐતિહાસિક નવલકથાને રોચક બનાવી છે.

લેખકે કહ્યું છે - ''કથામાં ઈતિહાસના પ્રમાણ બાબતમાં પણ હું ચોક્કસ હતો. આપણા કેટલાક સર્જકોમાં એવો ખ્યાલ પ્રવર્તે છે કે નવલકથા એ ઈતિહાસ નથી એટલે ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસનું પ્રમાણ ભોજનમાં મીઠાના પ્રમાણ જેટલું હોય તો ચાલે. આ ખ્યાલ મને હાસ્યાસ્પદ લાગ્યો છે. ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસનું પ્રમાણ ભોજનમાં ખાદ્યપદાર્થના પ્રમાણ જેટલું હોવું જોઈએ એ મત હું ધરાવું છું.''[૨૩]

લેખકની આ નવલકથા 'અંતિમદીપ' નહીં પણ 'ઉજજવળ દીપ'ની ઘોષણા કરે છે. અને કથા પ્રવાહને નવો જ અર્થ આપે છે.

આ નવલકથાનું નામ અંતિમદીપ - ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કર્ણદેવ રાખ્યું તે ઉચિત છે. ઉપરાંત તે ચરિત્રકથા નહીં નવલકથા બની છે જેની નોંધ લેવી જોઈએ.

લેખક લખે છે કે - ''ગુજરાત સમાચાર'માં આ નવલકથા પૂરી થઈ એ પછી ફરી કપિલરાય મહેતાનો પત્ર મને મળ્યો. એમાં નવલકથા ખૂબ વંચાઈ હોવાના સમાચાર હતા.''[૨૪]

ગુજરાતના પ્રસિદ્ધ અખબાર 'ગુજરાત સમાચાર'માં છપાઈ ચૂકેલી આ નવલકથા ધારાવાહી અખબારી નવલકથાનું એક સીમાચિહ્ન ગણી શકાય.

મોહનલાલ પટેલની આ નવલકથા ઈતિહાસની પરિપાટી પર ઊભી છે. આ નવલકથાનું ઘટના બાહુલ્ય વાચકના જીજ્ઞાસારસને દ્રવતો રાખે છે અને તેને અંત સુધી જકડી રાખે છે. પરંતુ કથાનું નિર્માણ અને એની નિરૂપણ રીતિ કયારેક રસનિતી ઉપજાવે છે અને કયારેક નાટકિય ઘટના હોય એવું પણ લાગે છે. કોઈપણ કૃતિમાં સંઘર્ષ નિરૂપવો એ કપરૂં કામ છે. અને તે પણ સામાજિક સંદર્ભે આ કાર્ય કરવું એ તો ઘણી માવજત માગી લે એવું કામ છે. તેમ છતાં સંઘર્ષ એ નાટકની જેમ જ નવલકથાનું પણ એક મહત્ત્વનું તત્વ છે અને મોહનલાલ પટેલ જેવા લેખકની શક્તિ તેમજ મર્યાદા પણ તેમણે યોજેલા સંઘર્ષ અને તેના નિર્વહરણમાં પરખાઈ આવે છે. વાચકમાં સતત કુતૂહલ

જાગ્રત રહે તે સુવાકય નવલકથાની કદાચ મુખ્ય શરત ગણાય. ઈતિહાસ પ્રસિદ્ધ સ્થળ - કાળને નવલકથામાં એની પુરી જાણકારી સાથે નિરૂપીને એક રોમાંચકારી કથા તો આલેખી જ છે. પણ સાથે સાથે આપણે કોઈ પુરાતત્વખાતાના જ્ઞાતા સાથે ફરતા હોઈએ એવો પણ અનુભવ થાય છે. મોહનલાલે એક વાત અહીં મુકી છે તે એ છે કે એમણે અહીં પ્રણયકથા આપી ખરી પરંતુ રોમાન્સનો ઘાટ નથી આપ્યો. એક વીર કથા કે સાહસ કથા તરીકે આ નવલકથામાં સર્જકે પોતાનું સમગ્ર કૌવત રેડી દીધું છે એ જોઈ શકાય છે. એક રીતે ઈતિહાસને આપણે અસર્જન ઉપસ્થિત કર્યો છે ને એ પરિવેશ બતાવ્યો છે.

### ૬.૬ પ્રકાશ ત્રિવેદી કૃત - 'વારસો'

'જેક્સન' અને 'સીમાનું આકાશ' પછી પ્રકાશ ત્રિવેદીએ પાશ્ચાત્ય જીવનરીતિ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા ભારતીય બૌદ્ધિક પાત્રો અને તેમના જીવનની ગતિવિધિને આલેખતી માનવ જાતની તાતી સમસ્યાઓ પર લક્ષ્ય કેન્દ્રીત કરતી, વૈજ્ઞાનિક અભિગમવાળી, બૃહદ્ પરિપ્રેક્ષ્યમાં માનવ સંબંધોની સંકુલતાને ઉપસાવતી અભિનવ નવલકથા 'વારસો' (૧૯૮૯) આપી છે.

અહીં 'વારસો' એક પ્રકારનો હોય છે તેનો ઉલ્લેખ થાય છે.

'વારસો' નવલકથા વિશે પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે - ''હરીન્દ્ર વૈયક્તિક વારસના સંદર્ભમાં ભિન્ન ભિન્ન જાતિઓ સંપ્રદાયોના વારસાની વાત કરી છે તો પ્રકાશે એ કલ્પનાને સમગ્ર માનવ જાતના વારસા સુધી વિસ્તારી છે. મધુ રાયે ઝડપથી થઈ રહેલી વૈજ્ઞાનિક પ્રગતિની ખાસ કરીને ભારતના ભાવિ પર શી અસર પડશે તેની કલ્પના કરી છે. તો પ્રકાશે મુખ્યત્વે અણુશસ્ત્રોની દોટ માનવજાત માટે કેવી વિનાશક પુરવાર થશે તેનો ખ્યાલ આપ્યો છે.'' [૨૫]

માનવની મતિ - ગતિ એની રીતિ કરે છે, પ્રકાશ ત્રિવેદી આ ગતિને આ મતિને અને આ માનવની રીતિને અયોગ્ય ગણે છે અને એની સામે લાલબત્તી ધરે છે. લેખકે પોતાના નિવેદનમાં કહ્યું છે કે - ''વારસો'માં આપણને મળેલા વારસોની વાત ઓછી છે અને આપણે મૂકી જવાના છીએ એ વારસોની વાત વધુ કરી છે.''[૨૬]

'વારસો' એક પ્રતીક છે. વ્યક્તિગતથી માંડીને તેના અર્થો કૌટુંબિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને બહુ વિશાળ અર્થમાં સાંસ્કૃતિક વારસો અહીં અર્થમાં પ્રગટ થાય છે.

નવલકથાનું એક મહત્ત્વનું પાત્ર છે માનસશાસ્ત્રી સજલ. તેની પત્ની પ્રભા પીડા સહન કરી બાળક અમરને જન્મ આપે છે ત્યારે સજલ વિચારે છે : ''એને જન્મ તો આપી શકયો પણ હવે સારૂં જીવન જીવવા સગવડ કરી આપી શકીશ ? આજના ડાયનોસોર્સથી બચાવી શકીશ ? એને માટે યોગ્ય આબોહવા નિર્માણ કરી શકીશ ?'' (૨૭)

નવું જન્મતું બાળક જ્યારે પૃથ્વી પર પગ મૂકે છે ત્યારે તેને આપણે સહુ કયો વારસો ધરીએ છીએ ? શું બે વારસો પર્યાપ્ત છે ? યોગ્ય છે ? એની વિચારણા અહીં થઈ છે. આવી સમસ્યા નવલકથાનું કેન્દ્ર છે. આપણે આવનારી પેઢીને કેવો વારસો આપી જવા ઈચ્છીએ છીએ એ અંગે નવલકથાના બૌદ્ધિક પાત્રો વિચારવિમર્શ કરે છે. નવલકથાના અંત ભાગમાં અણુશસ્ત્રોના સંહાર અંગે જાગૃતિ આણવા યોજાયેલ એક સભાનો અહેવાલ અપાયો છે. લડાઈ - યુદ્ધ - હૂંસાતૂસી - જમાવટ વગેરેને કારણે પરિસ્થિતિ વણસતી જાય છે. શક્તિ પ્રદર્શનને કારણે બીજા લોકોને નાનપનો અનુભવ થાય છે. પરિણામે બીજા પણ એમાં સક્રિય થાય છે.

સજલ અને પ્રભા પતિ - પત્ની છે. પુત્ર નીરવનો જન્મ થયો છે. ત્યારબાદ અમરનો જન્મ થાય છે. આ ઉપરાંત અણુ વૈજ્ઞાનિક ડૉ. તારા મેનન, તેનો પતિ અચ્યુત, ડૉ. પ્રદ્યૌત પંડિત, ગુરૂ ડૉ. રામ મૃહાન. આ ઉપરાંત રૂચિ, ભગત, મિથુન વગેરે ગૌણ પાત્રો પણ આવે છે.

નવલકથાનું સવિશેષ મહત્ત્વનું પાત્ર તારાનું છે. બીજા ખંડમાં તે અનુપસ્થિત છે પણ પહેલા અને ત્રીજા ખંડમાં તેની ઉપસ્થિતિ સાધ્યંત અનુભવાય છે. નવલકથાના પ્રથમ ખંડના પૂર્વાર્ધમાં તારાનો પતિ અચ્યુત સાથેનો કટુ સંબંધ નિરૂપાયો છે. તો ઉત્તરાર્ધમાં પ્રદ્યૌત સાથેની મધુર મુલાકાત વર્ણવાઈ છે. તારા પાછળ ઘેલા બનેલા પ્રદ્યૌતને પહેલી મુલાકાતમાં જ તારા સંમોહિત કરી ગઈ હતી. એ સાચું પણ તેને ત્યારે પણ 'મિસ્ટરી વુમન' જ લાગેલી.

લેખક એક તરફ વણસી રહેલા સંબંધનો તો બીજી બાજુ વિકસી રહેલા સંબંધનો ઝીણવટ ભર્યો ચિતાર રજૂ કર્યો છે. અણુશસ્ત્રો - અણુયુદ્ધની પૂર્વભૂમિકામાં પ્રણય - સંબંધ - સમાજ - વ્યકિત - સંવેદના વગેરેનો માહોલ ઊભો કર્યો છે.

માનવ સંબંધોની પશ્ચાદભૂમાં 'વારસો' વિજ્ઞાનની વિજ્ઞાનીઓની કથા છે. વિજ્ઞાનના વિઘટક અને વિધાયક સ્વરૂપોની વિચારણા લેખકને અભિપ્રેત છે. ડૉ. પ્રદ્યૌત પંડિત પોતાના રસાયણ શાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ કરી નાયલોનમાંથી ટકાઉ સુંદર ચમ્પલો બનાવવાના પ્રયત્નો કરે છે.

નવલકથામાં મુખ્યત્વે અણુશસ્ત્રોની વિનાશક અસરની વાત લેખક કરવા માગે છે તે માટે તેમણે તારા જેવી ફિઝીક્સમાં પીએચડી કરેલ નાયિકા પસંદ કરી છે. અહીં પાત્રો હકારાત્મક બન્યાં છે. ડૉ. સજલ માનસશાસ્ત્રની પોતાની જાણકારીનો ઉપયોગ કાર્ય - જીવન - ગુણવત્તા સુધારવા કરે છે.

અહીં એક પત્ર પ્રેસીડેન્ટ કાર્ટર તથા ચેરમેન બ્રેજફેને ઉદ્દેશી લખાયેલો છે, જેમાં અણુયુદ્ધના ખતરા અંગેની તેમની ચેતવણી મુદ્દાસર રજૂ થઈ છે. ''અણુયુદ્ધ લઢી પાછા બેઠા થવું તો અસંભવ જ છે. વ્યાપાર, નિસર્ગ અને અન્ય ઘટકો જેના પર માનવ જીવન ટકી રહ્યું છે તે સર્વનો અમેરિકા, રશિયા અને મોટાભાગના બાકીના વિશ્વમાં વિનાશ થશે.'' (૨૮) દુર્ભાગ્યે દિવસે દિવસે વૈમનસ્ય ઘટવાને બદલે વધી રહ્યું છે એને કારણે વિશ્વભરના બૌદ્ધિકો ચિંતા અનુભવે છે.

લેખકને માત્ર વિજ્ઞાનની વિનાશક, સંહારક અસરોમાં જ રસ છે એવું નથી. તેઓ તેની વિધાયક અસરો દર્શાવવા પણ એટલા જ ઉત્સુક છે. સામાજિક જવાબદારી સહિતના તબીબોના પાત્રોમાં પ્રભાના 'વિજ્ઞાન અને વિકલ્પ' વિષયક નિબંધોમાં ચિંતાઓ વ્યકત થઈ છે.

લેખકે આ કૃતિમાં નવલકથાની અનેક પ્રયુકિતઓનો સાર્થક, સફળ વિનિયોગ કર્યો છે. લેખકે પોતે જ નિવેદનમાં દર્શાવ્યું છે તે મુજબ એનાં નિબંધો, ચર્ચા, કવિતા, સંભાષણો, પ્રયોગો, રિપોર્ટ લેખન તથા નાની રમતો મુખ્ય ગણી શકાય.

અગાઉની બંને નવલકથાઓની જેમ આ નવલકથામાં પણ લેખકે પાશ્ચાત્ય જીવનનો અધિકૃત પરિચય કરાવ્યો છે. લેખકનાં વર્ણનો પણ ધારાવાહીને શોભે એવાં છે.

''દમઆલુના બટાકા શા રતુમડાં ગાલ, લાંબા, પાતળા ભરેલા ભીંડા જેવા રસિક હોઠ, બિસ્કીટ પરના કેવિમાર વિચાર જેવી કૃષ્ણ આંખો ને કાચાને કાચા ખાવાનું મન થાય એવા રસસભર ધવલ મૂળા જેવી દેહદષ્ટિ છે.'' (૨૯)

ટૂંકમાં, વિષય, માવજત, અભિવ્યકિત, અસર, શૈલી બધું જ અખબારી નવલકથાને અનુકૂળ છે પણ વિજ્ઞાનમાં રસ નહીં હોય એવા ભાવકોને વિગતોમાં મજા પડે નહીં, એ મર્યાદા અહીં શકય બની છે.

જીવનમાં પ્રેમ, સાહસ, પરાક્રમ, ત્યાગ, બલિદાન જેવી સુંદર વસ્તુઓ છે. તો સામે છેડે નિષ્ફળતા, હતાશા, વિષાદ, નિર્વેદ, એકલતા ને શૂન્યતા પણ છે. પેલી સુંદર વસ્તુઓની તુલનાએ આ અસુંદર તત્વોનું પ્રમાણ એને વધારે દેખાય છે અને તેથી એનો એક હતાશા, નિર્વેદ અને શૂન્યતા તરફ છે.

નવલકથામાં અને તેમાંય ધારાવાહી નવલકથામાં સમાજનાં તત્વો સાથે ઉપરોક્ત બાબતોનો સમાવેશ થાય છે. અહીં આ નવલકથા એક જ્ઞાન - વિજ્ઞાન ને વિજ્ઞાનીઓની કથા હોઈ ઉભરેલા તત્ત્વોનો વિનિયોગ અનિવાર્ય થઈ પડે છે અને વિજ્ઞાન કથાઓમાં નવલકથાઓમાં આજે બહાર બનતા પ્રસંગો કરતાં પાત્રોનાં મનમાં બનતા પ્રસંગોના નિરૂપણ તરફનું મહત્ત્વ વધ્યું છે. પ્રસંગનું પ્રસંગ લેખે નહિ પણ પાત્ર માનસના દર્શક ચિહ્ન તરીકે મહત્ત્વનું ઘટાવાયું છે. તેથી જ આજની નવલકથા બાહ્ય નજરે સુસંકલિત નથી દેખાતી પણ એમાં એક પ્રકારની આંતરિક સંકલનની મોહકતા વધી છે. આ બધી જ બાબતોનો પરિચય આપણને પ્રકાશ ત્રિવેદીની આ નવલકથામાં થાય છે. આ સિવાયની એમની અન્ય નવલકથાઓમાં પણ તેમણે નવલકથાના ઘટક તત્વોને પોતાની રીતે નવીનતા આપી આલેખવાનો પ્રયાસ કર્યો છે. એ રીતે તેઓ ધારવાહીરૂપે લખતા એક સિદ્ધહસ્ત નવલકથાકાર છે.

*****

## સંદર્ભ સાહિત્ય


(૧) પરીખ પ્રિયકાન્ત, 'શબ્દ સૃષ્ટિ' પૃષ્ઠ - ૯૦

(૨) સંપા. રાવલ અનંતરાય, લે. પંડયા ચુનીલાલ
'પુ. સાહિત્ય ચર્ચા, નવલકથા એક વિકાસશીલ આ. સ્વરૂપ' પૃષ્ઠ - ૨૪૦

(૩) પરીખ પ્રિયકાંત, 'શબ્દ સૃષ્ટિ ૨૦૦૭' પૃષ્ઠ - ૮૫

(૪) દિક્ષીત કૃષ્ણવીર, 'કથાદીપ' પૃષ્ઠ - ૧૨૫

(૫) પરીખ પ્રિયકાન્ત, 'ઊધ્વમૂલ' પૃષ્ઠ - ૨૨૫

(૬) શર્મા ભગવતીકુમાર, 'શબ્દ સૃષ્ટિ ૨૦૦૭', પૃષ્ઠ - ૫૩

(૭) શર્મા ભગવતીકુમાર, 'શબ્દ સૃષ્ટિ ૨૦૦૭', પૃષ્ઠ - ૫૫

(૮) શર્મા ભગવતીકુમાર, 'સર્જકની આંતરકથા', પૃષ્ઠ - ૪૦

(૯) રાણપુરા દિલીપ, 'પીઠે પાંગર્યો પીપળો', પૃષ્ઠ - ૪

(૧૦) એજન, પૃષ્ઠ - ૨૬૨

(૧૧) એજન, પૃષ્ઠ - ૧૮૯

(૧૨) એજન, પૃષ્ઠ - ૧૬૨

(૧૩) એજન, પૃષ્ઠ - ૯

(૧૪) એજન, 'શબ્દ સૃષ્ટિ', પૃષ્ઠ-૨૫૮

(૧૫) માઘડ રાઘવજી, 'શબ્દ સૃષ્ટિ', પૃષ્ઠ-૨૫૫

(૧૬) સં. સોલંકી કિશોરસિંહ, 'જાનપદી' નવલકથા, લે. દરજી પ્રવિણ પૃષ્ઠ-૧૬

(૧૭) 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭, પૃષ્ઠ-૨૫૫

(૧૮) 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭, પૃષ્ઠ-૨૫૫

(૧૯) 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭, પૃષ્ઠ-૨૫૫

(૨૦) 'શબ્દ સૃષ્ટિ' આક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૨

(૨૧) એજન, પૃષ્ઠ-૨૨

(૨૨) એજન, પૃષ્ઠ-૨૩

(૨૩) 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭, પૃષ્ઠ-૨૩

(૨૪) એજન, પૃષ્ઠ-૨૩

(૨૫) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'સાંપ્રત ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૧૨૫

(૨૬) ત્રિવેદી પ્રકાશ, 'વારસો', પૃષ્ઠ-૩

(૨૭) ત્રિવેદી પ્રકાશ, 'વારસો', પૃષ્ઠ-૧૦૯

(૨૮) ત્રિવેદી પ્રકાશ, 'વારસો', પૃષ્ઠ-૧૭૯

(૨૯) ત્રિવેદી પ્રકાશ, 'વારસો', પૃષ્ઠ-૨૦૯